(૧૩)

ક્રમાંક : ઈજર/વહટ/ફોટો/૧૧/૦૯/૧૩૮૯૧–૯૭૮

નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી,
"સ્ટેમ્પ અને નોંધણી ભવન"
સેકટર – ૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર
તા.૨૬/૧૦/૨૦૦૯

**વિષય : દસ્તાવેજ સાથે રજુ થતા સાધનિક કાગળો/પુરાવાઓને સ્કેન કરી જાળવવા બાબત**

**–: પરિપત્ર :–**

આથી રાજયના તમામ સબ રજીસ્ટ્રારશ્રીઓને જણાવવાનું કે, હાલમાં દસ્તાવેજ નોંધણીની તમામ કામગીરી કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમથી કરવામાં આવે છે. જેમાં સબરજીસ્ટ્રારશ્રી દ્વારા રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ ની કલમ–૬૦ મુજબ નોંધણીના પ્રમાણપત્ર સુધીના શેરામાં સહી કરી દસ્તાવેજનું સ્કેનીગ તથા ફોટોપ્રીન્ટ પ્રમાણિત કરી, દસ્તાવેજ નોંધણીની તમામ કાર્યવાહી પુરી થતા પક્ષકારને અસલ દસ્તાવેજ સંભવતઃ દસ્તાવેજ રજુ થાય તે જ દિવસે પરત કરવામાં આવે છે.

દસ્તાવેજ નોંધણી સંબંધે બનાવટી/બોગસ મુખત્યારનામાના આધારે મિલકતો વેચી દેવી, મિલકત ખરીદનાર/વેચનારના ખોટા નામે મિલકતો હડપ કરી છેતરપીડી કરવાના બનાવો ધ્યાને આવેલ છે. કાયદાકીય રીતે પક્ષકારોની વિગતો લેવાની જોગવાઈ છે.પરંતુ તેને વધુ અસરકારક રીતે અમલમાં મુકાય અને જાહેર જનતા મિલકત ખરીદ કરવામાં/વેચાણ કરવામાં છેતરપીડીનો ભોગ ન બને તે માટે દસ્તાવેજ સંલગ્ન રેકર્ડ મેળવી જાળવવું ઈચ્છનીય જણાય છે. આ અંગે સરકારશ્રી કક્ષાએથી તથા જાહેર જનતાની પણ રજુઆતો છે કે મિલકત ટાઈટલ સંલગ્ન રેકર્ડ મેળવી કાયમી જાળવણી કરવી જોઈએ.

દસ્તાવેજ નોંધણીની કાર્યવાહી દરમ્યાન વિવિધ કાયદાકીય જોગવાઈઓ/કાર્યપદ્ધતિ અન્વયે લેવાના થતા સાધનિક કાગળો/પુરાવાઓ (ઈનપુટ શીટ, ફોર્મ નં–૧,બાંધકામનો મંજૂર થયેલ પ્લાન,

બી.યુ.પરમીશન., પાવર ઓફ એટર્ની,૭૩–એએ,અશાંતધારા અન્વયેની પરવાનગી તથા દસ્તાવેજ સંબંધી અન્ય પુરાવા વિગેરે...) હાલમાં સબરજીસ્ટ્રારશ્રીઓ દ્વારા મેળવી કચેરીની વહીવટી કામગીરી તરીકે ફાઈલ કરી જાળવવામાં આવે છે. પક્ષકારો દ્વારા પણ આવા પુરાવાઓની નકલો મેળવવા માટે અવારનવાર માંગણી કરવામાં આવતી હોવાનું પણ ધ્યાને આવેલ છે.

જેથી, વિશાળ જાહેર હિતમાં દસ્તાવેજ સાથે રજુ કરવામાં આવતા આવા પુરાવાઓને સ્કેન કરી જાળવવા સુચના આપવામાં આવે છે.

સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

(સહી) –
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
સબરજીસ્ટ્રારશ્રી (તમામ)
(મારફત–સંબંધિત નોંધણી નિરીક્ષકશ્રી)

**નકલ સવિનય રવાના :**
સંયુકત સચિવશ્રી(સ્ટેમ્પ),મહેસુલ વિભાગ,હ.૧ શાખા,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ
**નકલ રવાના :**
(૧) નોંધણી નિરીક્ષકશ્રી,તમામ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૨) નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર,તમામ તરફ જાણ થવા સારૂ.
(૩) મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી,વહટ/ફોટો/એ.જી.તરફ જાણ થવા સારૂ.
(૪) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.
(૫) નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગરની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ થવા સારૂ.

રવાના કર્યુ.

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર